**આંક:-૧૬**

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, જિ.અમદાવાદ.**

**ફરિયાદી :- સરકારી શ્રમ અધિ.શ્રી અને**
**બોનસ ચુકવણી ઈન્સ્પેકટર, અમદાવાદ.**

**: વિરૂઘ્ધ :**

**આરોપી :- (૧) એન્ટીગ્રીટી પ્રા.લી.**
**(૨) શ્રી વલય અતુલકુમાર પરીખ – ડીરેકટર,**
**(૩) શ્રી શાલીન અતુલકુમાર પરીખ – ડીરેકટર,**
તમામ ઠે.૮મો, ૯મો અને ૧૧ મો માળ, સાકાર-૧,
નહેરૂ બ્રીપ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ

**ગુન્હો :- ૧૯૬૫ ના બોનસ ચુકવણી અધિનિયમની કલમ-૨૭(૪) મુજબ.**

**-: ચૂ કા દો :-**

**(૧)** હાલનો ફોજદારી કેસ અત્રેની અદાલતમાં ચાલી આવેલ છે. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, ફરિયાદીએ આરોપીના સ્થળની મુલાકાત લઈ તપાસ કરતા જાણવા મળેલ કે, **બોનસ ચુકવણી અધિનિયમની કલમ-૨૭(૪)** નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની **કલમ-૨૮** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

**(૨)** આરોપીને સમન્સ ઈસ્યુ કરતા આરોપી/અધિકૃત વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂઘ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** તેઓને હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**(૪)** આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **બોનસ ચુકવણી અધિનિયમની કલમ-૨૭(૪)** નો ભંગ કરીને સદરહુ કાયદાની કલમ-૨૮ મુજબનો ગુન્હો કરેલ છે. આરોપી /અધિકૃત વ્યકિત સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ઘ્યાને

લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**-: હુકમ ::-**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **બોનસ ચુકવણી અધિનિયમની કલમ-૨૭(૪)** ના ભંગ બદલ બોનસ ચુકવણી અધિનિયમ ની ક.૨૮ મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ **રૂા.૫૦૦**/- મુજબ ત્રણેય આરોપીનાં કુલ મળીને **રૂા.૧,૫૦૦/-(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા)** નાં દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો આરોપી/કબુલાત કરનારને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ :૦૯-૦૩-૨૦૨૪
સ્થળ:-અમદાવાદ

(પ્રદીપકુમાર વસંતલાલ ધીમર)
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.
જજ કોડ: જીજે૦૧૪૮૮